# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭/ક્વા-૦૪/૨૦૨૧-૨૨/ ૧૫૮૫-3 તારીખ : ૦૩ - ૦૩ - ૨૦૨૨

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
રામાણી નરેન્દ્રભાઈ એચ.
૪૦૪, સાનિધ્ય એપાર્ટમેન્ટ, મારુતિ નગર-૨, એરપોર્ટ રોડ ,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૧
મોબાઈલ : ૯૮૨૫૨૧૭૫૮૧

**વિષય :** ભૂલથી એચ.ટી. જોડાણમાં પૈસા જમા થવા બાબત .

**સંદર્ભ:** આપશ્રીની રજુઆત તા. ૦૩-૦૨-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૭/ક્વા-૦૪/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,
( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, બેડીનાકા રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૭/ક્વા-૪/૨૧-૨૨/૧૫૯૫-૩ તા.૦૩/૦૩/૨૦૨૨

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG-૦૭/ક્વા-૪/૨૧-૨૨**

**અરજદાર** : રામાણી નરેન્દ્રભાઈ એચ. ગામ: રાજકોટ

**પેટાવિભાગીય કચેરી** : બેડીનાકા રાજકોટ

**રજૂઆત કરનાર** : અરજદાર ગેરહાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

**સામાવાળા** : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. શહેર-૨વિભાગીય કચેરી -રાજકોટ

**રજૂઆત કરનાર** : શ્રી એન.ડી.રૂઘાણી, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., શહેર-૨ વિભાગીય કચેરી - રાજકોટ

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી એન.સી.મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) -શ્રી આર.જી.ગોવાણી

૩) સભ્ય (સ્વતંત્ર) -શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: ૨૨-૦૨-૨૦૨૨ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૨-૦૨-૨૦૨૨ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ફરિયાદી અરજદાર ગેરહાજર રહેલ હતા જયારે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી ઉપર મુજબના અધિકારી હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજૂઆતમાં જણાવે છે કે તેઓ દ્વારા તેમના વીજ ગ્રાહકનં. ૩૧૪૦૪/૦૪૪૭૨/૮ માં ઓનલાઇન બિલ રકમ રૂ.૬૪૩૮/- ભરપાઈ કરતી વખતે Kotak બેંકની એપ્લિકેશન માંથી ગ્રાહક નં.૩૧૪૦૪/૦૪૪૭૨/૮ ના

બદલે ફક્ત ગ્રાહક નંબરના પ્રથમ પાંચ અંકો એટલેકે "૩૧૪૦૪" ઈનપુટ આપેલ. સદર પાંચ અંકોના ગ્રાહક નંબરના લીધે અરજદાર દ્વારા એચ.ટી. ગ્રાહક નં. ૩૧૪૦૪ માં બીલની રકમ ભરપાઈ થઈ ગયેલ. જેના લીધે અરજદારના બીલની રકમ તેમના ગ્રાહક નંબર ખાતે બાકી રહેલ છે. અરજદાર દ્વારા સદર રકમ રૂ.૬૪૩૮/- અન્ય બિલીંગ ખાતામાં ભૂલથી જમા થયેલ છે જે રકમ અરજદારના ગ્રાહકનં. ૩૧૪૦૪/૦૪૪૭૨/૮ માં જમા કરાવવા માટે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર જણાવે છે કે અરજદારને તા.૦૫.૦૨.૨૦૨૨ ના રોજ સંલગ્ન પેટાવિભાગીય કચેરીના જવાબદાર અધિકારી દ્વારા અરજદારને ટેલીફોનીક દ્વારા માહિતગાર કરેલ છે કે તેઓ દ્વારા તેઓના વીજબીલની રકમ રૂ.૬૪૩૮/- ભૂલથી અન્ય એચ.ટી. ગ્રાહક નં.૩૧૪૦૪ ખાતે જમા થઈ ગયેલ છે જેની વિગતવાર અરજી તથા પેમેન્ટ આઈ.ડી. નંબર મેળવીને નિયમાનુસાર કાર્યવાહી કરીને સદર રકમ રૂ.૬૪૩૮/- ગ્રાહક નં. ૩૧૪૦૪/૦૪૪૭૨/૮ ખાતે જમા આપવા અંગે યોગ્ય કરવામાં આવશે.

3.૧ આમ, ઉપરોક્ત મુદ્દા નં ૩.૧ મુજબની વિગતે અરજદારને તેઓની ફરિયાદ અન્વયે વિગતવાર જાણકારી આપતા અરજદારને સદર બાબતે કોઈ ફરિયાદ રહેતી ન હોય, પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારની સહીવાળું લેખિત સમાધાન પત્ર રજુ કરેલ છે.

## :: હુકમ ::

**૪.0 અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.**

**૪.૧ અરજદાર શ્રી રામાણી નરેન્દ્રભાઈ એચ. ગ્રાહક નં. ૩૧૪૦૪/૦૪૪૭૨/૮ થી રહેણાંક વીજજોડાણ ધરાવે છે.સદર વીજજોડાણમાં ગ્રાહક નં. ૩૧૪૦૪/૦૪૪૭૨/૮ ના બદલે એચ.ટી. ગ્રાહક નં.૩૧૪૦૪ ખાતે ભૂલથી રકમ રૂ.૬૪૩૮/- ભરપાઈ થયેલ હોય સદર રકમ અરજદારના ગ્રાહક નં.૩૧૪૦૪/૦૪૪૭૨/૮ ખાતે જમા મેળવવા મુદ્દા નં. – ૨.0 મુજબની રજૂઆત કરેલ.**

**૪.૨ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારની ભૂલને લીધે અન્ય બિલીંગ ખાતામાં ભરપાઈ કરેલ વીજબીલની રકમ અરજદારના બિલીંગ ખાતામાં જમા આપવામાં આવશે તેવું અરજદારને માહિતગાર કરવામાં આવતા, સદર વિવાદ બાબતે અરજદાર સમંત થતા અરજદાર દ્વારા લેખિત સમાધાન પુરસીસમાં તા.૦૮-૦૨-૨૦૨૨ ના રોજ સહી કરી આપેલ છે. સદર સમાધાન પુરસીસ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા ફોરમ સમક્ષ તા.૨૨-૦૨-૨૦૨૨ ના રોજ રજુ કરેલ છે. આમ, સદર કેસમાં ફોરમ દ્વારા કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

Joshi.Nitinkum.

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(આર.જી.ગોવાણી)
સભ્ય (ટેકનીકલ)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન